# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-10-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1) **ગુજરાતના 23 વર્ષની વિકાસ યાત્રા રજૂ કરવા ગઈ કાલથી વિકાસ સપ્તાહની ઉજવણીનો પ્રારંભ**
2) **'વિકાસ સપ્તાહ'નાં ભાગરૂપે ૧૧ ઓક્ટોબરે રાજ્યમાં પેટા આરોગ્ય કેન્દ્ર-આયુષ્યમાન આરોગ્ય મંદિર, તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે "આયુષ્યમાન આરોગ્ય શિબીર"નું આયોજન**
3) આજે નવરાત્રિનાં છઠ્ઠા નોરતે મા કાત્યાયની દેવીની આરાધના – રાજ્યભરમાં અર્વાચીન સાથે પ્રાચીન ગરબાની રમઝટ
4) અમદાવાદ સહિત રાજ્યનાં આઠ શહેરોમાં 36 ડિગ્રીથી વધુ તાપમાન
5) બીચ સોકરમાં પ્રથમ વખત ભારતની ટીમ બનાવવામાં આવશેઃ પોરબંદરમાં 11 ઓક્ટોબર સુધી તાલીમ અભ્યાસક્રમનું આયોજન

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# PM MODI AS AN ADMINISTATOR 23 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શરૂ થયેલી ગુજરાતની 23 વર્ષની વિકાસ યાત્રાને ઉજાગર કરવા રાજ્યમાં ગઈકાલથી વિકાસ સપ્તાહની ઉજવણીનો પ્રારંભ થયો છે.

વિકાસ સપ્તાહ દરમિયાન રાજ્યમાં લોકભાગીદારીથી વિવિધ કાર્યક્રમો યોજાશે. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની થીમ આધારિત દિવસોની ઉજવણી થશે. આ ઉજવણી અંતર્ગત ગાંધીનગર ખાતે વિધાનસભામાં ગઈકાલે મુખ્યમંત્રી સહિત રાજ્ય મંત્રીમંડળના તમામ સભ્યોએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી..

---------------------------------------------------------------------

- રીપીટ

# Ayushyaman Health Camp

રાજ્યમાં ચાલી રહેલા 'વિકાસ સપ્તાહ'નાં ભાગરૂપે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની આગેવાનીમાં ૧૧ ઓક્ટોબરે રાજ્યમાં પેટા આરોગ્ય કેન્દ્ર- આયુષ્યમાન આરોગ્ય મંદિર, તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે "આયુષ્યમાન આરોગ્ય શિબીર"નું આયોજન કરવામાં આવશે.

એક યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, આયુષ્માન આરોગ્ય શિબીરમાં જિલ્લાના કોઈ પણ એક સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે નાગરિકોને સ્ત્રીરોગ ચિકિત્સક, બાળરોગ નિષ્ણાત, સર્જન, એનેસ્થેટીસ્ટ, આંખના નિષ્ણાત, ENT નિષ્ણાત, ત્વચા રોગ ચિકિત્સક, મનોચિકિત્સક, ડેન્ટલ સર્જન વગેરેની સેવા પૂરી પાડવામાં આવશે.

આ ઉપરાંત, ઓપરેશન મોતિયાનું ઓપરેશન પણ કરવામાં આવશે. પાત્રતા ધરાવતા લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ જારી કરવામાં આવશે. આ શિબિરમાં ટીબી અને સિકલ સેલની તપાસ પણ કરવામાં આવશે. શિબિરમાં આયુષ સેવાઓ, IEC, BCC અને કાઉન્સેલિંગ સેવાઓ, સિકલ સેલ સ્ક્રીનિંગ અને સિકલ સેલ કાર્ડનું વિતરણ પણ કરવામાં આવશે.

શિબિર દરમિયાન યોગ, ધ્યાન વ્યક્તિગત માસિક સ્વચ્છતા, પોષણની માહિતી પૂરી પાડવામાં આવશે.

---

- -યાદી અનિલ

-(NAVIN)

# Navratri SIX DAYS

આજે છઠ્ઠું નોરતુ છે. આજે મા કાત્યાયની દેવીની આરાધના કરવામાં આવે છે. મહર્ષિ કાત્યાયનીને સર્વ પ્રથમ તેમની ઉપાસના કરી હોવાથી તેમનું નામ કાત્યાયની છે. તેમનું વાહન સિંહ છે. તેમની પૂજાથી ધર્મ અર્થ કામ – મોક્ષની પ્રાપ્તિ થાય છે. ભય અને કષ્ટોનો નાશ થાય છે.

રાજ્યનાં ગામે ગામ આધુનિક રીતે નવરાત્રિનાં ગરબા થઈ રહ્યા છે ત્યારે અનેક સ્થળોએ માઇક કે સ્પીકર જેવા વીજાણુ સાધનો વગર માત્ર ઢોલ દ્વારા ગરબા ગવાય છે. ત્યારે એક ગામ એવું છે જ્યાં ગરબા નથી થતાં. મહેસાણાનાં મેવડ ગામમાં નવરાત્રિ મહોત્સવ યોજાતો નથી. આ ગામમાં નવરાત્રિ દરમિયાન ગરબા નથી થતાં પણ નવ દિવસ ભવાઈનું આયોજન થાય છે. રાત્રે ગામનાં ચોકમાં ભવાઇ ભજવાય છે.

લોકો નવ દિવસ નવરાત્રીમાં ગરબા રમી ને આનંદ લઈ રહ્યા છે ત્યારે મેવડ ગામના લોકો નવ દિવસ ભવાઈના વેશ જોઈને આનંદ માણે છે.

મહીસાગર જિલ્લાના લુણાવાડાના પરા બજારમાં મહાલક્ષ્મી ચોકમાં આવેલા  લક્ષ્મી માતાજીનું મંદિરમાં પરંપરાગત રીતે ગરબા થાય છે. માતાજીની આરતી અને સ્તુતિ પૂર્ણ થયા બાદ પરંપરા મુજબ એક બહેન માતાજીના પાંચ પૌરાણિક ગરબા કોઈ પણ પ્રકારના સંગીત વગર ગવડાવે છે અને ગરબે ગુમતી બહેનો અને ભાઈઓ આ ગરબા ઝીલે છે. પાંચ ગરબા પૂર્ણ થયા બાદ સંગીતના તાલે રાસ ગરબા  રમીને ભક્તિભાવથી ઉત્સાહ ભેર આદ્યશક્તિ પર્વ ની ઉજવણી કરવામાં આવે છે.

---

- પીટીસી મહેસાણા, મહિસાગર

અનિલ પટેલ -(NAVIN)

# Navratri Heavy vehicle

નવરાત્રિ દરમિયાન શહેરમાં ટ્રાફિક જામ થતો હોવાથી સવારે આઠથી રાત્રિનાં બે વાગ્યા સુધી ભારે વાહનોને શહેરમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. શહેર પોલિસ કમિશનરે પ્રસિધ્ધ કરેલું આ જાહેરનામું 12 ઓક્ટોબર સુધી અમલમાં રહેશે. આ દરમિયાન સવારે આઠ વાગ્યાથી રાત સુધી શહેરનાં અધિકારક્ષેત્રમાં પ્રવેશી શકશે નહીં.

અગાઉ રાત્રિનાં 10 વાગ્યા બાદ ભારે વાહનોને પ્રવેશ આપવામાં આવતો હતો.

---------------------------------------------------------------------

- -ડેસ્ક અનિલ

-(NAVIN)

# Rajkot Seva Setu and SWCHHTA

"સેવાસેતુ" અભિયાનનાં ભાગ રૂપે રાજકોટના પડધરી ખાતે ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાના અધ્યક્ષસ્થાને સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં ૫૦થી વધુ પ્રકારની વિવિધ સરકારની સેવાઓ મળી રહે છે. કાર્યક્રમમાં ગામની મહિલાઓએ સહિત ૬૦૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

જિલ્લામાં સ્વચ્છતા હી સેવા ઝુંબેશના ભાગરૂપે ધોરાજી શહેરના વિવિધ વિસ્તારોમાં ખાસ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાઇ હતી. નગરપાલિકા દ્વારા મુખ્ય માર્ગો, વિવિધ ચોક, જાહેર જગ્યાઓ સહિત સ્થળો ખાતે સફાઈ કરી શહેર સ્વચ્છ રાખવા સહયોગ પૂરો પાડવા લોકોને અપીલ પણ કરી હતી.

---------------------------------------------------------------------

- -યાદી અનિલ

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# WEATHER

રાજ્યમાંથી ચોમાસાએ વિદાય લેતાં જ ગરમીનો પારો ઊંચે જઈ રહ્યો છે. ગઈ કાલે અમદાવાદ સહિત રાજ્યનાં આઠ શહેરોમાં 36 ડિગ્રીથી વધુ તાપમાન રહ્યું હતું. નલિયામાં સૌથી વધુ 38.2 તાપમાન હતું, જ્યારે અમદાવાદમાં સરેરાશ મહત્તમ તાપમાન 37.4 ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે સામાન્ય કરતાં 1.7 ડિગ્રી વધુ હતું. છેલ્લાં ચાર દિવસમાં શહેરનાં મહત્તમ તાપમાનમાં ત્રણ ડિગ્રીનો વધારો થયો છે.

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ અમદાવાદમાં 37 ડિગ્રી તાપમાન રહેવાની આગાહી વ્યક્ત કરી છે. ગઇ કાલે,સુરતમાં 37.2, રાજકોટમાં 36.8 ડિગ્રી, ડાંગમાં 37.5 અને ભુજમાં 37.6 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

---------------------------------------------------------------------

- --ડેસ્ક અનિલ -(NAVIN)

# Bhavnagar accident

ભાવનગર જિલ્લામાં ગઈ કાલે અકસ્માતની વિવિધ ઘટનામાં ત્રણ વ્યક્તિનાં મૃત્યુ થયા હતા. શહેરના ચિત્રા વિસ્તારમાં રહેતી જીલ બારૈયા શાળાએ જતી હતી ત્યારે કાર ચાલકે હડફેટે લેતા ગંભીર ઈજા થતાં તેનું ઘટના સ્થળે કરુણ મોત નિપજ્યું હતું.

અન્ય એક ઘટનામાં નિકોલ બંધારાના પાળા પરથી પસાર થતાં અચાનક પગ લપસી જતા હનીફભાઈ રફીકભાઈ  ડૂબી જતાં તેમનું મૃત્યુ થયું હતું.

જિલ્લાના પાલીતાણાના દુધાળા ગામના પાટીયા નજીક બાઇક અને અજાણ્યા વાહન વચ્ચે અકસ્માતની ઘટનામાં ભાવનગરના યુવાનનું બનાવ સ્થળે મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પાલીતાણા ગ્રામ્ય પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

-----------------------------------------------------------------

- પીટીસી ભાવનગર અનિલ

-(NAVIN)

# Beach Soccer coaching

**ભારતમાં બીચ સોકરને લોકપ્રિય બનાવવા પ્રથમવાર એશિયન ફુટબોલ કન્ફેડરેશન-AFC દ્વારા બીચ સોકર લેવલ 1 કોચિંગ કોર્સનું પોરબંદરમાં આયોજન કરવામાં આવ્યું છે. 6 ઓક્ટોબરથી શરૂ થયેલો કોર્સ 11 ઓક્ટોબર સુધી ચાલશે.**

**પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાની હાજરીમાં આ સેમિનારનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. AFCના ઇન્સ્ટ્રક્ટર મોહમ્મદ ફૈઝલ મલેશિયાથી આ કોર્સને નેતૃત્વ પ્રદાન કરવા માટે આવ્યા છે. ગુજરાતના બે સ્થાનિક કોચ પણ આ કોર્સમાં ભાગ લઈ રહ્યા છે.**

**કોર્સમાં ભાગ લેનારા કોચને નવી પેઢીના ખેલાડીઓ તૈયાર કરવા માટે જરૂરી કૌશલ્ય અને જ્ઞાન પૂરું પાડવામાં આવશે.** ગુજરાત ફુટબોલ એસોસિએશનના સેક્રેટરી મુળરાજસિંહ ચૂડાસમાએ જણાવ્યુ હતુ કે ગુજરાત ઉપરાંત તામીલનાડુ, ગોવા, દીવ, દમણ, છતીસગઢ, બિહાર અને કેરળ સહિતના ખેલાડીઓને બીચ ફુટબોલના કોચ તરીકેની તાલીમ આપવામા આવી રહી છે. બીચ સોકરમાં પ્રથમ વખત ભારતની ટીમ બનાવવામાં આવળે.. **વર્ષે AFC બીચ સોકર ક્વાલિફાયર્સ માટે 16 ઓક્ટોબરથી 15 નવેમ્બર સુધી દીવમાં ભારતીય ટીમનો કેમ્પ યોજાશે.**

---

- હિંદુસ્તાન સમાચાર – અનિલ -(NAVIN)

# Devgarh Baria Wrestling Competition

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા ખાતે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા 68મી શાળાકીય રાજ્યકક્ષા કુસ્તી સ્પર્ધા યોજાઈ હતી. સ્પોટર્સ કોમ્પલેક્ષ ખાતે અન્ડર- ૧૯ ભાઈઓ તથા બહેનોની આ સ્પર્ધામાં રાજ્યનાં તમામ જિલ્લામાંથી ખેલાડીઓએ ભાગ લીધો હતો.

---------------------------------------------------------------------

- -પીટીસી દાહોદ
અનિલ પટેલ -(NAVIN)

# MAHESANA VAVETAR

મહેસાણા જિલ્લામાં આ વખતે ચોમાસામાં સારો વરસાદ વરસ્યો હતો..ત્યારે જિલ્લામાં 2 લાખ 84 હજાર હેકટરમાં વાવેતર થઈ ગયું છે. જિલ્લાના 10 તાલુકાઓમાંથી 8 માં અનુમાન કરતા વધુ વરસાદ થયો છે. દિવેલાના પાકનું 3 હજાર 682 હેકટર જમીનમાં જ્યારે કપાસનું 4 હજાર 283 હેકટરમાં વાવેતર થયેલું છે. ડાંગરમાં 8 હજાર 100 હેકટરમાં અડદના પાકમાં 1 હજાર 971 હેકટરમાં ઘાસચારાનું 4 હજાર 189 હેકટરમાં, ધાન્ય પાકોનું 11 હજાર 833 હેકટરમાં વાવેતર થયેલું છે.

-----------------------------------

PTC-MEHSANA-JAYANTI CHAUDHARY, HARSHAL PANDYA, SONAL

# KUTCH DRUGS

કચ્છના ગાંધીધામમાંથી 120 કરોડનું ડ્રગ્સ ઝડપાયું છે. કચ્છના ખારી રોહરમાંથી મોટાપાયે માદક પદાર્થનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.. પૂર્વ કચ્છ પોલીસે નશાકારક પદાર્થનો મોટો જથ્થો પકડી પાડ્યો હતો.. પોલીસે આ જથ્થો જપ્ત કરીને આગળની તપાસ હાથ ધરી છે..

---------------------------------------------------------------------

- PTC-W.KUTCH-HEMANG PATTANI,

-(NAVIN)